નં.શિક્ષ/૯/યજન/મિશન વિદ્યા/વશી/૦૭/૨૦૧૮

જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત,અમરેલી.
તા.૨૪/૦૭/૨૦૧૮

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,
બી.આર.સી.કો.ઓ.શ્રી તમામ,
તાલુકા તમામ જિ.અમરેલી

વિષય- મિશન વિદ્યા અંતર્ગત શાળાઓમાં બાળકો માટે ઉપચારાત્મક કાર્ય કરવા બાબત.
સંદર્ભ – સચિવાલય ગાંધીનગર શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : જશભ/૧૨૧૮/સિ.ફા.
૩૧/ન તા.૧૯/૦૭/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપના તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં "મિશન વિદ્યા" અંતર્ગત બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય તા. ૨૬ જુલાઈ -૨૦૧૮ થી ૩૧ ઓગષ્ટ -૨૦૧૮ દરમ્યાન કરવાનું રહેશે.

- ધોરણ ૬ થી ૮ માં વાચન લેખન અને ગણનમાં નબળુ પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણ
- <u>નીચે મુજબનાં સમયપત્ર અનુસાર કરવાનું રહેશે.</u>

| સમય | પ્રવૃતિ |
|---|---|
| ૧૦:૦૦ થી ૧૧:૦૦ | વાચન કાર્ય |
| ૧૧:૦૦ થી ૧૧:૩૦ | પ્રાર્થના કાર્યક્રમ અને વર્ગ વ્યવસ્થા |
| ૧૧:૩૦ થી ૧૨:૩૦ | ગણન કાર્ય |
| ૧૨:૩૦ થી ૧૫:૦૦ | શાળા સમયપત્રક મુજબ |
| ૧૫:૦૦ થી ૧૬:૦૦ | લેખન કાર્ય |
| ૧૬:૦૦ થી..................... | શાળા સમયપત્રક મુજબ |

- ધોરણ ૨ થી ૫ નાં વર્ગ શિક્ષકોએ પણ પોતાના વર્ગનાં અભ્યાસમાં ધીમા પ્રિય બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય સમાંતર સમયપત્રક મુજબ કરવાનું રહેશે.
- ધોરણ ૧ થી ૮ તમામ ધોરણ માટે શાળાનો સમય સમાન રહેશે.
- સવારની પાળીની શાળાઓ માટે શાળા સમય બાદ એક કલાક વધારે આપવાનો રહેશે.
- બપોરની પાળીની શાળાઓ માટે શાળા સમય પહેલા એક કલાક વધારે આપવાનો રહેશે.
- શનિવારે શાળા સમય બાદ એક કલાક વધારે આપવાનો રહેશે.
- સમગ્ર મિશન વિદ્યા કાર્યક્રમ અંતર્ગત અનિવાર્ય સંજોગોમાં રજા પર જવાનું થાય તો શિક્ષક /આચાર્યએ ટી.પી.ઈ.ઓ મારફત ડી.પી.ઈ.ઓ પાસે રજા મંજુર કરાવવાની રહેશે. જ્યારે સી.આર.સી/બી.આર.સી કો.ઓ.એ ડી.પી.સી પાસે રજા મંજુર કરાવવાની રહેશે.
- "મિશન વિદ્યા"ના કાર્યક્રમ દરમિયાન રજા મંજુરીનો અધિકાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરનો રહેશે.
- જિલ્લાનાં અધિકારીની પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહેનાર સામે નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- આચાર્ય શ્રી શિક્ષકોની સી.એલ રજા મંજુર સંબંધિત તાલુકા ના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પુરતા કારણો તપાસ્યા બાદ કરવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી

<u>નકલ સવિનય રવાના</u>

- માન. જિલ્લા વિકાસ અધિકારી સાહેબ જિલ્લા પંચાયત – અમરેલી [illegible]